# શ્રીનિવાસનને રાજીનામુ આપવા સુપ્રીમનો હુકમ



નવી દિલ્હી,તા. ૨૫

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના પ્રમુખ શ્રીનિવાસનને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે નિષ્પક્ષ તપાસના હેતુસર રાજીનામુ આપી દેવા શ્રીનિવાસનને આદેશ કર્યો હતો. આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલે સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે આકરી પ્રતિક્રિયા આપી હતી. સુપ્રીમ કોર્ટે કેટલાક તારણો રજૂ કર્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે શ્રીનિવાસનના રાજીનામા વગર સ્પોટ ફિક્સિંગ મામલે નિષ્પક્ષ તપાસ થઈ શકશે નહી. આ મામલામાં આગામી સુનાવણી હવે ૨૭મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે તપાસ સમિતી દ્વારા સિલ કવરમાં આપવામાં આવેલા અહેવાલમાં અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. જેથી જ્યાં સુધી બીસીસીઆઈ હોદ્દો છોડશે નહી ત્યાં સુધી નિષ્પક્ષ તપાસ થઈ શકશે નહી. સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈના વકીલને રિપોર્ટના કેટલાક હિસ્સાને વાચી કાઢવા માટેની સલાહ આપતા કહ્યુંહતુંકેઅમે ખુલ્લી કોર્ટમાં રિપોર્ટની વિગત આપવાની મંજૂરી આપીશુ નહી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ત્રણ સભ્યોની પેનલ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં અનેક ગંભીર બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેથી બીજી વખત શ્રીનિવાસને હોદ્દા પર ચાલુ રહેવુ જોઈએ નહી.તપાસને નિષ્પક્ષ રીતે આગળ વધારવા માટે કેટલાક પગલા જરૂરી બન્યા છે. શ્રીનિવાસન કેમ રાજીનામુ આપી દેતા નથી તેવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટની બેંચે કર્યો હતો. બોર્ડના પ્રમુખના હોદ્દા પર તેઓ શા માટે રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વમાં ભારે ચકચાર જગાવનાર આઈપીએલ સ્પોટ ફિક્સિંગ મામલે અનેક ક્રિકેટરો ફસાઈ ગયા હતા. જેમાં ભારતીય ટીમના ખેલાડી રહી ચુકેલા એસ શ્રીસંતનો સમાવેશ થાય છે.

ઉપરાંત કેટલીક ટીમના વરિષ્ઠ અધિકારીઓ અને માલિકો પણ ટિકા ટિપ્પણીના ઘેરામાં આવી ગયા હતા. કેટલાક સટ્ટોડિયા પણ પકડાઈ ગયા હતા. હવે શ્રીનિવાસનના જમાઈ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે રાજીનામુ આપી દેવા આદેશ કરતા હવે તેમનુ રાજીનામુ નિશ્ચિત દેખાઈ રહ્યું છે. તેઓ કોઈ પણ સમય રાજીનામુ આપી શકે છે.

# કેજરીવાલનો મોઢા પર ઈંડા અને શાહી ફેંકી વિરોધ થયો

વારાણસી,તા. ૨૫

બનારસના વારાણસીમાં દિલ્હીના ભુતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ લોકસભા ચુંટણીને લઈને પ્રચાર કરવા પહોંચ્યા હતા. વારાણસીમાં આજે રેલી દરમિયાન તેમના મોઢા પર શાહી અને ઈડા ફેંકીને વિરોધ દર્શાવાયો હતો.

અરવિંદ કેજરીવાલે વારાણસીની મુલાકાતની શરૂઆતમાં જ ગંગા નદીમાં ડુબકી મારીને કર્યો હતો. ત્યારબાદ કેજરીવાલ ભૈરવ મંદિરમાં દર્શન કરવા ગયા હતા. તે પહલા જ ભાજપના ટેકેદારો ત્યાં જમા થઈ ગયા હતા. તેમણે કેજરીવાલ સામે સુત્રોચ્ચા કર્યા અને કેજરીવાલ દેશદ્રોહી તત્વોને છાવરી રહ્યા હોવાના આક્ષેપો પણ કર્યા. ત્યારબાદ કેજરીવાલ વિશ્વનાથ મંદિરના દર્શન માટે ગયા તે દરમિયાન મંદિરની બહાર ભાજપના સમર્થકોએ કેજરીવાલ પર ઈંડા ફેંકીને તેમનો વિરોધ દર્શાવ્યો. આ ઘટના બાદ વાતારણ તંગ બન્યું હતું. બાદમાં કેજરીવાલ પોતાની સભા માટે બેનિયા પાર્ક મેદાન તરફ જવા રવાના થયા હતા તે દરમિયાન તેમના પર શાહી ફેંકી મોદી સમર્થકોએ વિરોધ કર્યો હતો.





## કેજરીવાલે શું કહ્યું......

- કેજરીવાલે વારાણસીમાં મોદીની સામે ચુંટણી લડવાના એલાનની સાથે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું
- નરેન્દ્ર મોદી કોઈ સાથે વાત નથી કરતા, તે હેલિકોપ્ટરમાં આવે છે અને જતા રહે છે
- ભાજપે વોટ બેંક માટે રામવિલાસ પાસવાનને પણ પોતાની સાથે લઈ લીધા
- મારી પાસે પૈસા નથી અને હું તમારી પાસે પૈસા માંગવા આવીશ અને તે પૈસાથી ચુંટણી લડીશ
- વારાણસીના લોકો જો મોદીને પસંદ કરશે તો તે ખેડુતોની બધી જમીન મુકેશ અંબાણી તથા અદાણીને આપી દેશે
- મોદી વારાણસીના નાના ઉદ્યોગોનું પતન કરી નાંખશે
- મોદી અને રાહુલ ગાંધી બન્ને મુકેશ અંબાણી અને અદાણીના એજન્ટ છે
- લોકોને અપીલ કરી કે આ વખતે ચુંટણીમાં તેઓ મોદી અને રાહુલને હરાવી દેશે તો એક નવી ક્રાંતિનો જન્મ થશે

# દિલ્હીમાં ટીનેજ મતદારોમાં ૪૨ ટકાનો વધારો નોંધાયો

**મતદારોની સંખ્યા ચાર મહિનામાં ૧.૧૯ કરોડથી વધીને ૧.૨૭ કરોડ થઈ છે**

નવી દિલ્હી,તા.૨૫

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીના ચાર મહિનાના ગાળાની અંદર જ દિલ્હીમાં મતદારોની સંખ્યા ૧.૧૯ કરોડથી વધીને ૧.૨૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. વધુ રસપ્રદ બાબત એ છે કે ૪૨ ટકા અથવા તો ૩.૪ લાખ મતદારો મતદાર યાદીમાં પ્રથમ વખત જોડાયા છે અને તેમની વય ૧૮-૧૯ વર્ષની છે. પાંચ વર્ષ અગાઉ આ બ્રેકેટની અંદર ૯૩૦૦૦ મતદારો હતા. ચૂંટણી પંચના આંકડા દર્શાવે છે કે ટિનેજ મતદારોમાં મતદાનની ટકાવારી ખૂબ ઊંચી રહે છે. ડિસેમ્બરમાં યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૭૬ ટકા ટિનેજરોએ મતદાન કર્યું હતું. યુવતીઓમાં મતદાનની ટકાવારી ૮૦ ટકાની આસપાસની હતી. આ તમામ બાબતોની આ વખતે પણ નોંધ લેવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે ચૂંટણીમાં જીત મેળવવા માટે યુવા મતદારો ઉપર દરેક રાજકીય પક્ષો ધ્યાન આપી રહ્યા છે જેમાં ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોનો સમાવેશ થાય છે. જાહેરનામા માટે મતદાર યાદી તૈયાર થઈ ચૂકી છે ત્યારે દિલ્હીના ચીફ ઈલેક્ટ્રોરલ ઓફિસર યુવા મતદારોને ટાર્ગેટ કરવા સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકે છે. પહેલી જાન્યુઆરી બાદથી આશરે ૬.૪૫ લાખ વધારાના મતદારો ઉમેરાયા છે. જ્યારે આઠમી અને ૯મી માર્ચના દિવસે યોજાયેલા ખાસ કેમ્પમાંથી પણ મતદારો ઉમેરાયા છે. સુધારો થયો હોવા છતાં પુરુષો અને મહિલાઓમાં રેશિયો અલગ પ્રકારનો છે. ડિસેમ્બરમાં યોજાયેલી ચૂંટણીમાં મહિલાઓએ પુરુષો કરતા વધારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મહિલાઓમાં ૫૬.૬ લાખ મતદારો ઉમેરાયા છે. જ્યારે પુરુષોમાં ૭૦.૫ લાખ પુરુષો ઉમેરાયા છે. ટીનેજ મતદારોની સંખ્યામાં ૪૨ ટકાનો વધારો દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી બાદ થઈ ચૂક્યો છે. યુવા મતદારોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.લોકપ્રિય વેબસાઈટ અને ફેસબુકનો ઉપયોગ કરીને મતદારોને મતદાન મથક સુધી લઈ જવાના પ્રયાસ કરવામાં આવશે.

માત્ર દિલ્હીમાં જ નહીં બલ્કે અન્ય ભાગોમાં પણ મતદારોની સંખ્યામાં હાલમાં વધારો થયો છે. ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીમાં ૭૬ ટકા પુરુષોએ મતદાન કર્યું હતું જ્યારે ટીનેજ યુવતીઓમાં મતદાનની ટકાવાહી ૮૦ ટકા હતી.

## નવાં કલેવર (પાના નં.૪ નું ચાલુ...)

ઘણા દિવસ પછી દીકરાનો ફોન આવ્યો.'ગીતા કોઇ બાળકને ખોળે લેવા તૈયાર નથી. તેની પાસે બાળકને ઉછેરવાનો સમય નથી. તેની નોકરી બહુ સારી છે. એ તેને છોડવા માંગતી નથી.'

દયા એ સમજાવ્યો. 'જયાં સુધી બાળકને ઉછેરનો સવાલ છે. તો અમે બંને ત્યાં આવી જઇશું. છતાં બાળકને માંની જરૂર તો પડે જ. બાળકને ત્યારે જ ખોળે લઇ શકાય જયારે એક સ્ત્રીમાં માં બનીને તેને ઉછેરવા માટે દિલથી તૈયાર હોય. બાળકને ઉછેરવા માટે એક ઇમાનદાર માં બનવું જરૂરીછે. માં બનવા માટે ત્યાગ તો કરવો જ પડે નહીંતર કમને ખોળે લીધેલ બાળકની હાલત ખરાબ થઇ જાય. એ તો મોટું પાપ છે. જેથી એ પોતે જાતે તૈયાર થાય ત્યારે જ બાળકને ખોળે લેજો. સમજી વિચારીને નિર્ણય કરજો.'

દીકરાએ ઉત્સાહથી કહ્યું, 'હું ગીતા સાથે એ બાબતે વાત કરી જોઇશ.' જો પપ્પા તમે અહીં આવી જાવ તો બાળકનો ઉછેરમાં વાંધો નહીં આવે વળી આપણે સૌ સાથે રહીએ એ સપનું પુરૂં થઇ જશે.'

એ વાતની વરસ વતી ગયું. પણ તેણે એ પછી કયારેય એ બાબતે વાત ન કરી.

અચાનક એક દિવસ દીકરાનો ફોન આવ્યો. ગીતાના મમ્મી પપ્પાના પ્રયાસથી એક બાળક ખોળે લીધું છે. હમણાં તો તેને સાચવવા તેનાં મમ્મી પપ્પા છે. તેઓ જશે પછી તેમને બોલાવીશું. કેમ કે ફ્લેટમાં એક સાથે એટલા જણ રહી શકે તેમ નથી.

ખુશીથી ગાંડી ઘેલી થતી દયા એ સોસાયટી અને સગાસંબંધીઓને પૈડા વહેંચ્યા. આડોશી-પાડોશી અને સગાંસબંધીઓ હવે અવારનવાર પુછતાં દીકરા પાસે કયારે જાવ છો. પાંચ મહીના પછી ગૌરવે બોલાવ્યા. દયા એ બધાંને કહી દીધું અમે દીકરા પાસે જઇએ છીએ. ત્યાં જ રહીશું.

દીકરાએ રાજીખુશીથી માતા પિતાને આદર આપ્યો અને નાના બટુકને ખોટામાં આપતાં કહ્યું, 'લ્યો તમારા લાડકાને તમે જ સાચવો. તેણે અમારા તો નાકે દમ લાવી દીધો છે.'

પાંચ મહિનાના ગોળમટોળ ખિલખિલાટ કરતા બટુકને જોઇ એ તો રાજીનાં રેડ થઇ ગયા. વહુના ટાઢા પ્રતિભાવને પણ ગણકાર્યો નહીં.

પૌત્રને મેળવી સાઇઠ વર્ષની દયા ફરી એકવાર ચુસ્ત થઇ ગઇ હતી. તેમના આવતાંની સાથે જ વહુએ લડીઝગડી જુની નોકરાણીને કાઢી મુકી હતી. દીકરો સવારે નીકળતો તે રાતે આઠ વાગ્યે પાછો ઘેર આવતો. વહુ તો ઘણીવખત નવ દશ વાગ્યે આવતી. સવારથી ફેર ફૂદરડીની જેમ ઘરનાં બધા કામ અને બટૂકને સાચવતા દયા ખુબ થાકી જતી. રાતે તેનાં ઉહ્કારા દિનેશભાઇને સંભળાતા. પરંતુ બીજે દિવસે સવારે તે બમણાં જોમ સાથે જોવા મળતી.

# આતંકી સંગઠન આઈએમના વધુ એક આતંકવાદીની ધરપકડ કરાઈ

નવી દિલ્હી,તા.૨૫

ઈન્ડિયન મુઝાહિદ્દીનના વધુ એક આંતકવાદીની દિલ્હી પોલીસને ધરપકડ કરવામાં વધુ એક મોટી સફળતા હાથ લાગી છે.દિલ્હી પોલીસે આજે બિહારના પટના તથા બોધગયામાં શ્રેણીબદ્ધ બોમ વિસ્ફોટના માસ્ટર માઈન્ડ એવા ઈન્ડિયન મુઝાહિદ્દીનના સંદીગ્ધ આતંકવાદી તહસીન અખ્તર ઉર્ફે મોનુની ધરપકડ કરી ચાર દિવસમાં બીજી મોટી સફળતા મેળવી છે.

દિલ્હીના પોલીસ કમિશનર (સ્પેશ્યલ સેલ) એસએન શ્રીવાસ્તવે આતંકવાદી તહસીન અખ્તર ઉર્ફે મોનુની ધરપકડનો ખુલાસો કર્યો છે. તહસીન અખ્તર ઉર્ફે મોનુ ભારતમાં ઈન્ડિયન મુઝાહિદ્દીનનો પ્રમુખ છે. ગયા વર્ષે ઈન્ડિયન મુઝાહિદ્દીનના આતંકવાદી યાસીન ભટકલની ધરપકડ બાદ તહસીન અખ્તર ઉર્ફે મોનુને ભારતમાં આતંકી પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની જવાબદારી સોંપાઈ હોવાનું જાણવા મળ્યું છે. આતંકી મોનુ વર્ષ ૨૦૧૦માં વારાણસીમાં થયેલા બોમ્બ વિસ્ફોટ, વર્ષ ૨૦૧૩માં રાજધાની દિલ્હીની જામા મસ્જિદની નજીક થયેલા કુકર બ્લાસ્ટ તથા મહાનગરી ગણાતી મુંબઈમાં વર્ષ ૨૦૧૧માં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટમાં પણ માસ્ટર માઈન્ડ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આ સાથે જ તે હાલમાં બિહાર રાજ્યમાં પ્રવૃત્તિઓ માટે યુવાનોને જોડવાનું કામ કરી રહ્યો હોવાનું પણ સપાટી પર આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતની અમદાવાદ ક્રાઈમબ્રાંચે પણ દિલ્હીથી આતંકી મોલાના અબ્દુલ કવિની ગત રવિવારના રોજ ધરપકડ કરવામાં મોટી સફળતા મેળવી હતી. તેમજ બે દિવસ અગાઉ પણ દિલ્હી પોલીસે રાજસ્થાનમાંથી બોમ્બ બ્લાસ્ટમાં સંકળાયેલા વોન્ટેડ ઈન્ડિયન મુઝાહિદ્દીન સંગઠનના આતંકવાદી અને પાકિસ્તાનના નાગરિક ઝિયા ઉર રહેમાન ઉર્ફે વકાસ અને તેના ત્રણ સાગરિતોને ઝડપી લીધા હતા. સુત્રોમાં ચર્ચાઈ રહ્યું છે કે, આ આતંકવાદીઓનું જુથ આવનારી લોકસભાની ચુંટણી દરમિયાન આતંકવાદી હુમલાની તૈયારી કરી રહ્યા હતા તેમજ મોટી હિંસાને અંજામ આપવાની તેમની વ્યુહરચના હતી.

**પ્રતિ કિલો પાંચ લાખની કમાણી થઈ શકે**

# સોનાનો ભાવ ભારતમાં દુબઈથી ૪૦૦૦ વધારે

નવી દિલ્હી,તા.૨૫


સોનાની દાણચોરીમાં સતત વધારો થયો છે. અખાત અને દક્ષિણ એશિયન દેશોમાંથી સોનાની આયાત વધારે કરવામાં આવે છે. સોનાની દાણચોરી માટે કેટલાક પરિબળો જવાબદાર છે જે પૈકી પ્રથમ કારણ એ છે કે ભારતમાં સોનાની કિંમત દુબઈમાં જે કિંમત છે તેના કરતા ચાર હજાર રૂપિયા વધારે છે. સોનાની આયાત કરી ભારતમાં ઊંચી કિંમતે વેચવાની બાબત ખૂબ ફાયદો કરાવે છે. આનાથી પ્રતિકિલો પાંચ લાખ રૂપિયાનો સીધો ફાયદો થાય છે. ઈસ્લામિક કટ્ટરપંથી જૂથો અને અંડરવર્લ્ડના લોકો પણ આમા સામેલ રહ્યા છે.

# મરાઠી અભિનેત્રી નંદાનું ૭૫ વર્ષની વયે અવસાન

મુંબઈ,તા. ૨૫

બોલીવુડની જાણીતી અભિનેત્રી નંદાના એકાએક અવસાનના સમાચારથી ફિલ્મી જગતમાં દુ:ખની લાગણીનું મોજું ફરી વળ્યું છે. નંદાને આજે સવારે એકાએક હ્દયરોગનો હુમલો થતાં તેણે આજે સવારે નવ વાગ્યાના અરસામાં અંતિમ શ્વાસ લીધા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.

વી.શાંતારામની 'તૂફાન ઔર દિયા' દ્વારા નંદાએ બોલીવુડમાં જંપ લાવ્યોહતો. ૮ જાન્યુઆરી ૧૯૩૯ના રોજ નંદાનો જન્મ મરાઠી અભિનેતા અને નિર્માતા વિનાયક દામોદરદાસ કર્ણાટકીના ઘરે થયો હતો.



આજે સવારે અભિનેત્રી નંદા બાથરૂમમાંથી બહાર આવ્યા બાદ એકાએક હ્દયરોગનો હુમલો ઉપડી આવ્યો હતો અને ગણતરીની મિનિટોમાં જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. બોલીવુડમાં તેમના નજીકના મિત્રોમાં આશા પારેખ, હેલન તથા સાયરા બાનુને નંદાના નિધનના સમાચાર મળતાં જ દુ:ખમાં ગરકાવ થઈ ગયા હતા. અભિનેત્રી સાયરાબાનુએ આ દુ:ખદ પ્રસંગે જણાવ્યું હતું કે, 'અમે સૌ કોઈ શોકમાં છીએ તેઓ કાલ સુધી સ્વસ્થ હતા. મને તેમના સ્વાસ્થ્ય અંગેની માહિતી હેલન દ્વારા મળી હતી. મેં તેમની સાથે ગત શનિવારે પણ વાતચીત કરી હતી અને તે એકદમ સ્વસ્થ પણ હતા..

# મોદી આશરે ૧૮૫ રેલીઓને સંબોધશે

નવી દિલ્હી,તા.૨૫

લોકસભાની ચૂંટણી પહેલાં જોરદાર ચૂંટણી માહોલ જામેલો છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આવતીકાલથી ચૂંટણી પ્રચારનો વધુ એક ઝંઝાવતી રાઉન્ડ શરૂ કરવા જઈ રહ્યા છે. મોદી આશરે ૧૮૫ રેલીઓને સંબોધે તેમ



માનવામાં આવે છે. નરેન્દ્ર મોદીને એક પછી એક શ્રેણીબદ્ધ રેલીઓ ટૂંકાગાળામાં યોજવા માટે ઓળખવામાં આવે છે. શારીરિક રીતે અને નવી કોમ્યુનિકેશન વ્યવસ્થાનો ઉપયોગ કરીને ચૂંટણી રેલીને સંબોધવા માટે મોદી જાણીતા રહ્યા છે. આવતીકાલે ૨૬મી માર્ચના દિવસે મોદી નવી દિલ્હી, ઉત્તર પ્રદેશમાં બિજનોર અને બુલંદ શહેર તથા જમ્મુ કાશ્મીરમાં ઉધમપુર ખાતે એક રેલીને સંબોધશે. જમ્મુ નજીક વૈષ્ણોદેવીના દર્શને પણ જશે. ૨૭મી તારીખે તેઓ બિહારમાં ગયા, ઓરંગાબાદ અને સસારામ ખાતે સંબોધન કરશે. આ ઉપરાંત ઝારખંડમાં છત્રા અને લુહાર ડગ્ગા ખાતે ચૂંટણી સભાને સંબોધશે. ૨૮મી માર્ચના દિવસે મોદી મધ્ય પ્રદેશમાં બાલાઘાટ, સિંદવાડા અને મંદેલા ખાતે રેલી યોજશે. ૨૯મી માર્ચના દિવસે મોદી હરિયાણામાં સોનેપત અને ગોહાનામાં રેલી યોજશે. આસામમાં ૩૦મી માર્ચના દિવસે તેઓ રેલી યોજશે. સૂત્રોએ કહ્યું છે કે આ સપ્તાહથી મોદી ૧૦મી મે સુધી દરરોજ એક દિવસમાં પાંચ રેલી યોજશે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસ સુધી મોદી આક્રમક મૂડમાં રહેશે. ઉત્તર પ્રદેશમાં જોરદાર સપાટો બોલાવીને એક પછી એક આઠ રેલીઓને સંબોધન કરીને સમગ્ર ઉત્તર પ્રદેશમાં લોકોને પ્રભાવિત કર્યા પછી ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે ૨૬મી માર્ચથી પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં જોરદાર સપાટો બોલાવનાર છે. પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં મોદી રેલીઓને સંબોધન કરશે. વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ નરેન્દ્ર મોદી ૨૬મી માર્ચના દિવસે બુલંદ શહેરમાં વિશાળ રેલીને સંબોધન કરશે. ભાજપે બીજનોર ખાતે પણ એક રેલીનું આયોજન કર્યું છે.

ભારતીય જનતા પાર્ટી નરેન્દ્ર મોદીની રેલીને લઈને આક્રમક તૈયારીમાં છે. ઉત્તર પ્રદેશમાં એક પછી એક આઠ રેલીને સંબોધન કર્યા બાદ ઉત્તર પ્રદેશમાં મોદી લહેર જોવા મળી રહી છે. મોદીએ ભાજપની સ્થિતિને મજબૂત કરવામાં પણ ભૂમિકા ભજવી છે. મોદીની રેલીના લીધે ઉત્તર પ્રદેશના મતદારોમાં મોદી લોકપ્રિય થયા છે. હવે બીજા રાઉન્ડમાં મોદી પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં એક પછી એક રેલી સંબોધનાર છે. આને લઈને પક્ષના કાર્યકરો ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. એમ માનવામાં આવે છે કે મોદી ભાજપના દેખાવને વધુ મજબૂત કરવા ગુજરાતમાં બેથી ત્રણ દિવસનો સમય જ ગાળશે. જ્યાં ભાજપની પાર્ટી નબળી દેખાઈ રહી છે તે વિસ્તારમાં જ મોદી ચૂંટણી પ્રચાર કરનાર છે.

# દલિત-બ્રાહ્મણ ફોર્મ્યુલા પર માયાવતી હવે પરત ફર્યા છે

નવી દિલ્હી,તા.૨૫

ઉત્તર પ્રદેશમાં શાનદાર દેખાવ કરીને કેન્દ્રમાં મોટી ભૂમિકા ભજવવા માટે માયાવતી પણ તૈયારીમાં છે. માયાવતીએ આ વખતે બ્રાહ્મણો અને મુસ્લિમોને પોતાની તરફેણમાં કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. માયાવતીએ પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં મુસ્લિમ વર્ચસ્વવાળા મત વિસ્તારોમાં મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. મુસ્લિમ બહુમતી વાળા વિસ્તારોમાં મેરઠ, સાહરંગપુર, બરેલી, મોરાદાબાદ અને આગ્રાનો સમાવેશ થાય છે. માયાવતીએ સમાજના તમામ વર્ગોમાંથી ઉમેદવારોને ટિકિટ આપી છે. માયાવતીની નજર આ વખતે બ્રાહ્મણ, દલીત, મુસ્લિમોને પ્રભાવિત કરવાની છે. દલિત-બ્રાહ્મણ ફોર્મ્યુલા ઉપર માયાવતી પરત ફરી છે. બ્રાહ્મણોને પણ વધારે ટિકિટ અપાઈ છે. પશ્ચિમી ઉત્તર પ્રદેશના મુસ્લિમ બહુમતી વાળા વિસ્તારોમાં માયાવતીએ મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું છે. માયાવતીની આ ફોર્મ્યુલા કેટલી કામ લાગે છે તે મહત્વપૂર્ણ રહેશે. ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમાં બસપાની સીટો ૨૦૬થી ઘટીને માત્ર ૮૮ થઈ ગઈ હતી.

## સમાચાર ઝલક

- ચૂંટણી 'માણવી' હોય તા ચાલો વારાણસી, ટ્રાવેલ એન્જટો, હોટલ-ધર્મશાળામાં તડાકો.
- સરકારની નીતિથી ડેરીઉદ્યોગને નુકસાન થશે, વિકાસની ગતિ મંદ પડશે.
- રાજકોટમાં વોકહાર્ટ હોસ્પિટલમાં રાત્રે ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ.
- માર્ચ એન્ડીંગથી બજારોમાંથી ટર્ન ઓવર ઠપ્પ, ચૂંટણીની અસર પડી.
- વારાણસી-વડોદરામાં વડાપ્રધાન પદનાં ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર માનવબોંબનો ખતરો : ગુપ્તચર તંત્ર.
- હવે ખાંડ અને આદુનાં ભાવમાં ઉછાળો, ખાંડમાં ક્વિન્ટલે રૂા. ૪૫૦ વધ્યા, આદુનાં કિલોએ ૮૦ થયા.
- ઇરાકમાં હુમલાખોરો દ્વારા બોંબ ભરેલી ટ્રક પોલીસભવનમાં ઘુસાડતા અનેક લોકોનાં મોત.
- દિલ્હીમાં 'આપ' પાર્ટીનાં ઉમેદવાર અને ગાંધીજીનાં પૌત્ર રાજમોહન ગાંધી પાસે ૫૦ કરોડની સંપત્તિ, અને અમેરિકામાં ફ્લેટ.
- ભારતીય લશ્કર પાસે શસ્ત્ર-દારૂગોળાની તીવ્ર અસર, નિયમ મુજબ જે તે દેશ પાસે ૪૦ દિવસ ચાલે તેટલો શસ્ત્રભંડાર હોવો જોઇએ.
- પુસ્તકોની દુનિયામાં પણ 'નરેન્દ્ર મોદી' સૌથી આગળ, હવે બાળકો માટે પણ 'બાળ મોદી' બહાર પડ્યું.
- શિક્ષણ બોર્ડનો 'વિચિત્ર' ફતવો, સાયન્સની પરીક્ષામાં ગેરહાજર હોય તો બીજી તક, નાપાસ થાવ તો ઘરભેગા.
- ચૂંટણીમાં નેતાઓ પર ક્રાઇમ રેકોર્ડ બ્યુરોની બાજ નજર.
- જામનગરમાં પથારીમાં બીડી પીતા પથારી સળગતાં આધેડ વ્યક્તિ મોતને ભેટ્યો.
- ટ્રેનમાં એ.સી.કોચની બારી ઉપરથી પડદા દૂર કરાશે.
- દ્વારકાધીશ મંદિરમાં ૧૧ કિલો ચાંદીથી બનાવેલ ધજા ચડાવાઇ.
- ભારતીય ક્રિકેટ બોર્ડનાં વડા શ્રીનિવાસન તટસ્થ તપાસ માટે ચેરમેન પદેથી રાજીનામું આપે : સુપ્રીમકોર્ટ.
- બહેરીનના પ્રિન્સે સચિનને ક્રિકેટ જોવા માટે આમંત્રણ પાઠવ્યું.
- વટવામાં ૧૦ વર્ષનાં કિશોર પર ૧૪ વર્ષના કિશોરનો જીવલેણ હુમલો.